ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

Phone : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email**.: krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 11th February, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
....., ભાવનગર.

શું વીજળી વગર પણ લાઈટ અથવા બલ્બ શરુ કરી શકાય : જવાબ છે હા
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ પ્રકારની વિવધ માહિતી પર રેડીઓ વર્કશોપનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

13 ફેબ્રુઆરી 'વર્લ્ડ રેડિયો ડે' વર્ષ 2021માં આ દિવસ "રેડિયો અને વિવિધતા" ની થીમ સાથે ઉજવવામાં આવશે. રેડિયો ની શોધના ઈતિહાસ તરફ એક નજર કરીએતો 1860 ના દાયકામાં સ્કોટ્ટીશ સાયન્ટિસ્ટ જેમ્સ ક્લાર્ક મેક્સવેલ દ્વારા રેડિયો તરંગોનું અસ્તિત્વ અને રેડિયો ટ્રાન્સમિશનની શક્યતાઓની આગાહી કરવામાં આવી હતી. ત્યારબાદ ઇટાલિયન શોધક અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયર ગુગલીએલ્મો માર્કોની, જેઓ લાંબા અંતરના રેડિયો ટ્રાન્સમિશન પરના પ્રગતિશીલ કાર્ય માટે જાણીતા હતા, તેમણે રેડિયો ટેલિગ્રાફ સિસ્ટમ વિકસાવી. તેમણે 1895 માં ઇટાલીમાં પોતાનું પ્રથમ રેડિયો સિગ્નલ મોકલ્યું અને પ્રાપ્ત કર્યું જેથી તેમને રેડિયોની શોધ માટે શ્રેય આપવામાં આવે છે.

૨૦૧૨થી આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને વિશ્વ રેડીઓ દિવસ વર્ષ ઉજવવામાં આવે છે. હાલ લગભગ ૨૩ ભાષાઓમાં ૪૧૫ થી વધુ રેડિયો સ્ટેશનો સાથે, ભારતનું ઓલ ઇન્ડિયા રેડિયો વિશ્વના સૌથી મોટા રેડિયો બ્રોડકાસ્ટર્સમાંનું એક છે. જે દેશની ૯૯ ટકા વસ્તીને આવરીલે છે. હાલ રેડિયો કિરણોનો ઉપયોગ સંરક્ષણ ક્ષેત્રમાં વધુ થઇ રહ્યો છે. ખાસ કરીને ભારતીય સેના દ્વારા વોકી-ટોકીના માધ્યમથી ગુપ્ત સંદેશાઓની આપ-લે તદુપરાંત પોલીસ દ્વારા પણ કોઈ ગુનાહિત પ્રવૃત્તિ વિશેની માહિતી વાયરલેસ પર એક સાથે દરેક પોલીસ સ્ટેશન પર મોકલી શકાય છે. હાલ માછીમારો પણ આ ટેકનોલોજી નો ઉપયોગ કરીને દરિયામાં તોફાન જેવી પરિસ્થિતિની માહિતી મેળવીને સાગર ખેડવાનું આયોજન છે.

આ પ્રકારની રેડીઓની વિવિધ કાર્યપ્રણાલી, તેમના પ્રકારો તેમજ તેમના વિશિષ્ટ ઉપયોગોથી અવગત કરાવવાના હેતુથી વર્લ્ડ રેડિયો ડે 2021ના દિવસે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 13-02-2021 શનિવારની ૫.૦૦ કલાકે 'વિજ્ઞાન ભવન', સંસ્કારમંડળ ખાતે "રેડીયો વર્કશોપ" નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રેડિયોની પાયાથી શરુ કરીને વાયર-લેસ ઓડિયો ટ્રાન્સમિશન તથા AM(ઓડિયો મોડ્યુલેશન) અને FM (ફ્રિકવન્સી મોડ્યુલેશન) કઈ રીતે કાર્ય કરે છે, ઉપરાંત પ્લાઝમા દ્વારા રેડીએશન ટ્રાન્સમીશનની પદ્ધતીથી કઈ રીતે વીજળી વગર પણ લાઈટ અથવા બલ્બ શરુ કરી શકાય આ પ્રકારના પ્રેક્ટિકલ જ્ઞાન સુધીના ડેમોસ્ટ્રેસન વિષે વિસ્તૃત માહિતી તજજ્ઞશ્રી દ્વારા આપવામાં આવશે.

આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છિત લોકો એ વહેલા તે પહેલાના ધોરણે www.krcscbhavnagar.org / upcoming events અથવા WhatsApp 8866570111 પર 12-02-2021 11:59:19PM સુધીમાં પોતાના નામનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે. **નોંધણીના પ્રથમ 25 વ્યક્તિઓને જ પ્રવેશ આપવામાં આવશે.**

(હર્ષદ જોષી) 11-02-21 5:20PM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

Server\D:\2020-21\All Letter and Press Note 2020-21\KRCSC Full Letter 2020-21